આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૨ | ૧૨ જૂન, ૨૦૧૩, બુધવાર; જયેષ્ઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


પ્રેમની કોઇ નિયતિ નથી, તે કોઇ કાર્ય નથી, તે કોઇ ફરજ નથી, તે કોઇ સાધન નથી, તે સ્વયં સાધ્ય છે
- **શેક્સપિયર**

# ગાંધીનગરમાં એગ્રોટેક યોજાશે

## સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં મહાત્મા મંદિરે એગ્રોટેક યોજવાની મુખ્યમંત્રીની જાહેરાત : કૃષિ-પશુપાલન-ગ્રામવિકાસના પહેલુઓને આવરી લેતો આ ફેર ઈઝરાયેલ કરતાં પણ મોટો હશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

આગામી સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમ્યાન ગાંધીનગરના મહાત્મા મંદિરમાં જ એગ્રોટેક ઈઝરાયેલ કરતાં પણ મોટો યોજવામાં આવશે તેવી જાહેરાત આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કરી હતી.

મહાત્મા મંદિર ખાતે લાઈવ સ્ટોક એન્ડ ડેરી ડેવલપમેન્ટના રાષ્ટ્રીય સેમિનારના ઉદ્‌ઘાટન સમારોહ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ એગ્રોટેક કૃષી વિકાસ અને ગ્રામવિકાસ તેમજ પશુપાલન વિકાસના ક્ષેત્રોને જોડતો અનન્ય પ્રકારનો હશે.

તેમણે જણાવ્યું હતુ કે ઈઝરાયેલમાં યોજાતો એગ્રોટેક કરતાં નોખી ભાત પાડતો આ ફેર હશે. જેમાં કૃષિ, પશુપાલન અને ગ્રામવિકાસના મહત્વના પહેલુઓને આવરી લેવાશે. કૃષિ ક્ષેત્રે તેમજ પશુપાલન ક્ષેત્રે વિસ્તારની જે વિપુલ તકો છે તે અંગે તેમાં ચિંતન કરાશે.

મુખ્યમંત્રી શ્રી મોદીએ તેમના પ્રવચનમાં પશુઓ માટે હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવશે તેવી પણ મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે પશુધન અબોલ છે પણ ભારતીય સંસ્કૃતિમાં તેનું મહત્વ અલગ છે. દિકરી બિમાર પડે તો કદાચ એક તબક્કે દવાખાને જવાનું પશુપાલક ટાળશે પણ જો પોતાનું પશુ બિમાર હશે તો તે દેવુ કરીને સારવાર કરાવશે. આ પશુપાલકનો પશુપ્રેમ છે.

તેમણે જણાવ્યું હતું કે પશુપાલકોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા અનેક પશુમેળાઓનું આયોજન કરી ૧૨૨ જેટલા રોગોથી રાજ્યના

● અનુસંધાન પાન-૭ પર





# લોખંડી પુરૂષની પ્રતિમાના નિર્માણ માટે ગામે-ગામથી લોખંડ આપવા અપીલ

## મહાત્મા મંદિર ખાતે પશુપાલન અને ડેરી વિકાસની રાષ્ટ્રીય પરિષદને સંબોધતા નરેન્દ્ર મોદીએ કરેલી ભાવનાત્મક અપીલ

ગાંધીનગર, તા. ૧૦

મહાત્મા મંદિરની જેમજ ભારતના લોહપુરૂષ સરદાર સાહેબનું સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ લોક સહયોગથી કરવામાં આવશે તેવી ઘોષણા આજે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમવાર કરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની સાથે સાથે ત્યાં નોલેજ સીટી અને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાની કલ્પનાનું એક ચિત્ર આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ પશુપાલન અને ડેરી વિકાસની રાષ્ટ્રીય પરિષદ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ રજુ કર્યું હતું.

મહાત્મા મંદિરના નિર્માણ વેળાએ રાજ્યના દરેક ગામમાંથી માટી અને રાજ્ય તેમજ દેશની નદીઓના પાણીનું સિંચન કરી કરવામાં આવ્યું હતું.

ભારતના કિસાનપુત્ર અને દેશની એકતાના ભગીરથ અભિયાન માટેના લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ સરદાર સરોવર ડેમના સાંનિધ્યમાં પ્રસ્થાપિત કરવાના ભારતના સ્વાભિમાન અને ઐતિહાસિક પ્રોજેક્ટની રૂપરેખા આપતાં તેમણે

● અનુસંધાન પાન-૭ પર


**કેસર કેરી માટે ખાસ જાહેરાત**
વરસાદ વગરના કોરા માલનો જુજ સ્ટોક
પાકી કેસર કેરી
કેરી કિલો ૧ના રૂ. ~~૯૦~~ના રૂ. ૬૦
કાચી-પાકી કેસર પેટી-૧
૯ કિલોના રૂ. ~~૫૦૦~~ ના રૂ. ૪૫૦
તા. ૧૬/૬/૧૩, રવિવાર દુકાનનો છેલ્લો દિવસ વહેલા તે પહેલાના ધોરણે
**રહીમચાચા**
નવદીપ કિરાણા સ્ટોર્સની પાછળ, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

**IAS | IPS GPSC પ્રિલિમ ફ્રી કોચીંગ**
લોકસેવા IAS ટ્રેનિંગ સેન્ટર
97145 48215, 88664 31223

**Mount Carmel High School**
Sector-21, Gandhinagar.
We Introduce 11th Science (English Medium) this year
We provide an environment free from stress and free for excellence.
Laboratory established on the academic pattern of the best science schools of India.
Committed, Qualified & Experienced Teachers
Mathematic : Sr. M. Snehanjali A.C.
Physics : Mr. Sankarsen Bandypadhyay
Chemistry : Mr. Victor Christi
Biology : Ms. Priya Patel
ADMISSIONS OPEN
Carrying forth the Carmel Legacy of over 43 years in quality education..
For Admission Enquiries
Contact : 079-23221182, 99048 36566

**કલોલ શહેરનું ગૌરવ**
૨૦૧૩માં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં નાયક કેદીન કમલેશભાઈ ૯૯.૫૮ પર્સન્ટાઈલ મેળવી તથા ગુજકેટમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ (૧૧૨.૫) ગુણ મેળવી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર (સરગાસણ)નું તથા કલોલનું નામ રોશન કર્યું છે.
સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના અભિનંદન.

**કલોલ શહેરનું ગૌરવ**
સેમિસ્ટર-૨ના પરીક્ષામાં સમગ્ર જિલ્લામાં એ૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર ૬ વિદ્યાર્થી (તથા શાળામાં ૨ વિદ્યાર્થી) પૈકી કલોલ શહેરની એક વિદ્યાર્થીની પટેલ હીરાબેન કમલેશભાઈએ ૯૯.૯૨ પર્સન્ટાઈલ સાથે એ૧ ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કરી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર (સરગાસણ)નું તથા કલોલનું નામ રોશન કર્યું છે.
સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના અભિનંદન.

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

નવવિકસીત ગાંધીનગરમાં
**હોટલ મીડલ ટાઉન**
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ
ફોન : ૦૭૯-૨૯૨૯૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૯૨ ૮૮૮૮૩

પ્રથમ માસિક પુણ્યતિથિએ
**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એવી પ્રાર્થના.
સ્વ. નલિનીબેન ભુપતરાય જોષી
સ્વર્ગવાસ : તારીખ ૧૨-૫-૨૦૧૩